





‘સદ્‌ભાવ’ અપવાસમાં જોગવાઇનાં ઢોલ વાગ્યાં!
ને નદી-તળાવો છલકાવી દેવાનાં પોલ જાગ્યાં!
સળગ્યો છે કચરો હવે કેગના કબાટમાંથી -
સ્વચ્છ-નિર્મળ ગુજરાતનાં બોગસ બોર્ડ લાગ્યાં!

પશુ ચારવા,
પશુપાલકોને પણ
ધો હેલીકોપ્ટર!
(ઓથોરીટી ભેંસો શોધે છે!)

પિયા ગયે હૈ -
રંગૂન, વહાં સે કરે
વો ટેલીફૂન..
(તુમ્હારી યાદ સતાતી હૈ-)
- અમિત શાહ




## ચિંતન

**ગતશ્રીર્ગણ કાન્દ્વેષ્ટિ ગતાયુશ્ચ ચિકિત્સકાન । ગતશ્રીશ્ચ ગતાયુશ્ચ બ્રાહ્મણાન્દ્વેષિ ભારત ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’નો આ શ્લોક છે :

‘જે માણસ ગ્રહબળે - ખોટાં સાહસોથી નિર્ધન થઇ ગયો છે તે જયોતિષીઓનો વિરોધી થઇ જાય છે.

અને પોતાની બેદરકારી અને આરોગ્યના નિયમોનું પાલન ન કરનાર વ્યક્તિ જયારે ગંભીર રોગમાં પટકાઇ મૃત્યુના મુખે પડ્યો હોય ત્યારે ડોકટરો અને દવાખાનાનાં દોષ કાઢવા લાગે છે.

... અને નિર્ધનતા-ગરીબી અને રોગી શરીર થઇ જાય ત્યારે તેને સલાહ-સમજ અને સાચી વાત કહેનારા વિદ્વાનોનો વિરોધી થઇ જાય છે.’

આમ, માણસ પોતાની ભૂલો-દોષની સદાય અવગણના કરી સદાય બીજાના પર જ બધી ભૂલો-દોષનો ટોપલો નાખી દેતો હોય છે. જીવનવ્યવહારમાં પણ દોષી-માણસ સદાય પોતાને તો ‘સંપૂર્ણ’ અને ‘આદર્શ’ જ માનતો હોય છે. આ માણસની નબળાઇ છે.

માણસનું આંતરમૂખી થવું, જાતને જોવાની ટેવથી જ અર્ધા સુખની પ્રાપ્તિ થાય છે અને અર્ધા દુઃખ દૂર થાય છે.

## સુવિચાર

- જીવનમાં ખૂટે ના હામ.. નહિંતર સમજો ખેલ તમામ... - મુસાફીર પાલનપુરી
- જીસકે સામને આપ ખુલકર હંસ સકતે હૈ ઉસ કે સાથ આપ પૂરા એક દીન બિતા સકતે હો.. ઔર જીસકે સામને આપ ખુલ કર રો સકતે હો ઉસકે સાથ અપની પૂરી જીંદગી બીતા સકતે હો - એસ.એમ.એસ.
- એવું કહેવાય છે કે સમય બળવાન છે, સમય સાથે બધું બદલાઇ જાય છે, પરંતુ હકીકત એ છે કે આપણે બદલાઇ જઇએ છીએ અથવા આપણે જ તેને બદલવું પડે છે- અખંડ આનંદ
- આપણે સંકુચિત, સંકિર્ણ ન બનીએ.. વિશ્વ સાહિત્ય અને વિશ્વ સંસ્કૃતિની દિશાઓના બધા બારીબારણા ખુલ્લા રાખીએ પણ સાથે માતૃભાષા ન વિસરીએ, ડુંગરા પૂજીયે પણ ઉમરાને પૂજવાનું ન વીસરીએ - ચંદ્રકાન્ત બક્ષી
- કર્મના આદિ, મધ્ય અને અંતમાં આનંદનો ઝરો સતત વહેતો રહે એ જ કર્મની કુશળતા એ જ કર્મયોગ - માનસસૂત્ર
- તરાપાની મહત્વાકાંક્ષા તોફાની સમુદ્રને નાથવાની હોય છે - તમિલ કહેવત
- તમે તળિયે પડછાયા છો ત્યારે કેટલે ઊંચે ઊઠો છો એ તમારી સફળતાની પારાશીશી છે - નવનીત

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

પ્રેમથી કોઇને પણ વશ કરી શકાય, એનું હૃદય જીતી, વિચાર પરિવર્તન પણ કરી શકાય. હાથી-સિંહ-જેવા મહાકાય-મહાબલિ પ્રાણીઓ પણ પ્રેમથી અંકૂશમાં તો રહે જ છે. એને પ્રેમ આપનારને વફાદાર પણ રહે છે, કૂતરાં-ઘોડા જેવાં પ્રાણીઓના પણ પ્રેમથી વશ થયાના અનેક કિસ્સા છે તો માનવી જેવા સમજદાર પ્રાણીની તો વાત જ શું કરવી?

મહાત્મા ગાંધીજી પાસે આ ‘પ્રેમ’નું અકસીર ઔષધ હતું એનાથી જ અંગ્રેજી સેનાપતિઓ-જેલરો પણ સાજા થઇ જતા હતા.

આશ્રમમાં એક રાત્રે ચોર આવ્યો. અવાજ થતાં આશ્રમવાસી જાગી ગયો અને ‘ચોર’ની બૂમો પાડી બધાને સજાગ કર્યા. ચોરને પકડી એક ઓરડીમાં પૂરી દીધો. ગાંધીજી સવારે જાગે ત્યારે તેમની પાસે રજૂ કરવાનું નક્કી કરી બધાં સૂઇ ગયાં.

સવારે ગાંધીજી નાસ્તો કરી પરવાર્યા પછી ટોળું યુવાન છોકરા-ચોરને પકડી ગાંધીજી સામે ખડો કર્યો. ચોરે ગાંધીજીને પશ્ચાતાપ અને આંસુ ભરી આંખે જોઇ નજર નીચી કરી.

ગાંધીજીએ વ્યવસ્થાપકને પૂછ્યું - આને કંઇ નાસ્તો દૂધ-પાણી આપ્યાં? વ્યવસ્થાપક મૌન રહ્યા.

યુવાન ગાંધીજીના ચરણે માથું મૂકી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો. પછીથી એ આશ્રમવાસી થઇ ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# કિશોર ટોપર્સ છે, અને સુજાતા જરા પાછળ, કિશોરે તેને મદદ કરી, તેમાં થોડી ઘનિષ્ઠતા પણ થવા લાગી, હવે થોડા સમયથી કિશોરને લાગ્યું છે કે સુજાતા તેના તરફ ખાસ એંગલથી જુવે છે, એ કદાચ પ્રણયના ભાવ અનુભવતી હોય

## મૂલ્યાંકન લઘુકથા

- અનંત ન. વ્યાસ

કિશોર થોડા સમયથી વિચિત્ર મુંઝવણ અનુભવે છે. આ મુંઝવણનો ઉકેલ શોધવા એ સતત વિચારતો રહે છે. હવે મારે વાત કોને કહેવી? કોની સલાહ લઉ તો યોગ્ય માર્ગ મળે? કિશોરને મન વાત ગંભીર છે કદાચ અન્યો માટે એ સામાન્ય વાત પણ હોઇ શકે. વાતની ગહનતા તથા ગંભીરતાનો સંબંધ તો માનવ મનની સંવેદનશીલતા તથા વિવેક સાથે હોય છે. આમ જુઓ તો પ્રશ્ન એવો વિચિત્ર કે નવાઇ ભર્યો પણ નથી. સામાન્યતઃ કોલેજ જીવનમાં જે કંઇ બનતું હોય તેવું થોડું કિશોર સાથે પણ થઇ શકે. કિશોર અને સુજાતા બંને કૉલેજના છેલ્લા વરસમાં છે એક જ વર્ગમાં સાથે ભણતાં યુવાન-યુવતીમાં પરસ્પર વાતોનો તો સંબંધ બંધાય જ. તેમાંય કિશોર ટોપર્સ છે. અને સુજાતા જરા પાછળ. કિશોરે તેને મદદ કરી. તેમાં થોડી ઘનિષ્ઠતા પણ થવા લાગી. હવે થોડા સમયથી કિશોરને લાગ્યું છે કે સુજાતા તેના તરફ ખાસ એંગલથી જુવે છે. એ કદાચ પ્રણયના ભાવ અનુભવતી હોય પણ ખરી, કિશોરના મનમાં સુજાતા પ્રત્યે આવો કોઇ ભાવ નથી. તેને મન માત્ર મિત્ર છે વધુ કશું નહિ. પણ સુજાતાના મન પર આ વાત કેમ મુકવી. તેને કેમ વાસ્તવિકતા સમજાવવી? એ કદાચ આગળ વધે, પ્રેમના સ્વપ્ન સેવે અને કયારેક પ્રણયભાવ વ્યક્ત કરે તો? ના - ના એને એવું વિચારતા અટકાવી દેવી જોઇએ. બસ આ મુંઝવણ છે તેને ના કેમ પાડવી... અને સાવ સીધું તો કેમ કહેવાય? કદાચ સમજવાની પોતાની ભુલ હોય તો... મશ્કરી રીતે પાત્ર ઠરે... હવે આમાં પુછવું કોને? મિત્ર સાથે વાત થાય. પણ આ મિત્રો, બીજા જ કલાકે વર્ગમાં ચિલ્લી ઉડવા મંડે... ને પછી... ના, એવાં મિત્ર નથી... જે ખાનગી રાખે... વિચારતા લાગ્યું બહેન છે. જરા મોટી છે પણ ખુલ્લા મને ગમે તે વાત કરી શકે, સ્વીકારી શકે તથા સમજી શકે તેવી છે. પરિણામે બહેનને જ વાત કરવાનું વિચાર્યું...

જરા શરમાતા તેણે વાતનો પ્રારંભ કર્યો..., ‘આ સુજાતાને તો તમે ઓળખો છો.’

હા, સારી રીતે, કેમ શું વાત છે? બહેને હસતાં પૂછ્યું.

વાત તો... એ એના મનમાં કશુંક વિચારે છે તેમ લાગ્યું...

મારા માટે તેના મનમાં...

બહેન હસી પડી, વાહ મારો ભાઇ, છોકરી ફક્કડ છે તે તારે શું વાંધો છે? જ્ઞાતિ ઘર એ તો ઠીક...

પણ બહેન... મારા મનમાં તેના પ્રત્યે એવો કોઇ પ્રણયભાવ નથી મેં મારી લાગણીઓ વારંવાર તપાસી છે... એ એનું મન વાળી લે તેવો રસ્તો દેખાડ...

તેમાં શું, ફટ દઇને ના પાડી દેવાની... એક ઘા...

જુઓ બહેન, કુહાડાથી કે કરવતથી કાપતાં તો અમને પણ આવડે. પણ તેને જરા પણ આઘાત ન લાગે છે તો વાત સ્પષ્ટ થઇ જાય તેવી યુક્તિ...

વાહ ભાઇ, તું તો ફૂલ ફેંકી પર્વત તોડવાની વાત કરે છે હું મમ્મી-પપ્પાને વાત કરું.... કે ભાઇ...

મશ્કરી જવા દે બેન, તને તો ખબર છે ને કે મમ્મીની પરીક્ષામાં એ કયારેક પાસ ન થાય...

તે તું મમ્મીની બીકે તો ના નથી પાડતો ને, જરા વિચાર.

ના, ના... મારા મનમાં તેના પ્રત્યે કોઇ ભાવ જાગતો નથી....

તું માર્ગ દેખાડને...

માર્ગ તો દેખાડું... પણ પછી હું દેખાડું તે સાથે લગ્ન કરવા પડશે’ બેને શરત રજૂ કરી...

તું કહેશે ત્યાં લગ્ન કરીશ અને છૂટાછેડા પણ લઇશ પણ અત્યારે આ એકમાંથી છોડાવને...

જો કિશોર... સુજાતા તને મળવા આવે તો ભર્યો મોંએ બોલાવવી...

ભર્યા મોંએ? મોં માં શું રાખું?

એ મૂરખ, ભર્યા મોંએ, એટલે ખાતા ખાતા નહિ, એ આપણી સંસ્કૃતિ નથી. ભર્યો મોંએ એટલે સન્માન સાથે. જેમ કે તે આવે તો કહેવું ‘આવો સુજાતા... બેસો.... પાણી લેશો... ઇત્યાદિ...’ પણ બહેન એ તો કૃત્રિમ લાગે.

હા, અલિપ્તતા કેળવવા માટે કૃત્રિમતા જરૂરી છે એ જો ચતુર હશે તો તરત સમજી જશે. પૂછે તો કહેવું, અતિશય નિકટતા વિના ‘તુ’કારો ન કરાય... આ પેલો પાઠ... થોડા દિવસ જવા દેવા. પછી મળો તો કહેવું ‘આવો નાની બેન... હું તમને જ યાદ કરતો હતો... મારું હોમવર્ક બાકી છે પણ આ નાની બેન કરી આપવા તૈયાર હોય ત્યાં મને શી ચિંતા... ને આમ તારા મનનો ભાવ જણાવી દેવા. વાતચીત પરથી એને સમજ પડી જશે. તારે નહિ કહેવું પડે...’

પણ કદાચ ન સમજે તો....

ત્યાં ત્રીજો અંતિમ ઘા... બે-ચાર દિવસ કૉલેજ ન જવું ન જયારે જઇશ ત્યારે અવશ્ય પુંછવાની. કયાં ગયા હતા તો ઝટ કહેવું, નાનીબેન માટે સારી ભાભી પસંદ કરવા... સરસ મજાની પસંદગી થઇ ગઇ છે... અને વાત સમાપ્ત થઇ જશે... ખરેખર કિશોરે બહેનની સલાહ અમલમાં મૂકવાની જ શરૂઆત કરી તેને અંતિમ તબક્કે ન પહોંચવું પડ્યું. થોડા સમય પછી સુજાતા ઘરે મળવા આવી. વાતો કરતાં એ કહે, હું થોડી ગેરસમજ દૂર કરવા આવી છું. કિશોર જેવા બાઘા તથા ભોળિયા ટોપર્સ સાથે વાતો કરાય. થોડો પ્રેમ, મિત્રતા કેળવાય. પણ તેને ‘પતિ’ ન બનાવાય. આટલી સમજ તો આધુનિક યુવતીઓ ધરાવે છે. તમારા મનમાં જો કોઇ ગેરસમજ હોય તો દૂર કરજો... ‘સુજાતા જતા જતા કહેતી ગઇ. બહેન કિશોરને કહેજો... થોડી વ્યવહારિક સમજ કેળવે...’

# પ્રભુના ધામ સુધી પહોંચવાનો સરળ ઉપાય

‘મહારાજ ગીતામાં ભગવાને કહ્યું છે કે યદગત્વા ન નિવર્તન્તે તદ્ધામ પરમં મમ (અ.૧૫/૬) - ‘મારું એવું ધામ છે કે જયાં પહોંચ્યા પછી પાછા ફરવાનું હોતું નથી.’ તો એ ધામ સુધી પહોંચવાનો સરળ ઉપાય શો?’

એક સત્સંગીએ સત્સંગ પછી એક મહાત્માને આવો પ્રશ્ન પુછ્યો. મહાત્મા થોડા વિચારમાં પડ્યા કે આને સરળ ઉપાય શી રીતે દેખાડવો? સંધ્યાટાણું થઇ ગયું હતું તેથી મહાત્માએ એ પ્રશ્ન પુછનાર ભાઇને બીજે દિવસે સવારમાં આવવા જણાવ્યું. પ્રશ્ન પુછનારના ધ્યાનમાં ન આવ્યું કે આનો જવાબ આપવા મહાત્મા સવારે શા માટે બોલાવે છે?

પરંતુ મહાત્માએ કીધું છે એટલે સવારે જવાનું તેણે નક્કી કર્યું. બીજા દિવસે સવારે નક્કી કરેલા સમયે તે સત્સંગી મહાત્માના આશ્રમે પહોંચ્યો.

મહાત્માએ તેને તડકામાં સૂરજની સાથે મોઢું કરી ઊભા રહેવા કીધું. તેમ કરવાથી તેનો પડછાયો પાછળની બાજુએ પડ્યો. ત્યારે મહાત્માએ કહ્યું, “આ રીતે પ્રભુની સન્મુખ ઊભા રહેવાની સંસાર પાછળ રહી જાય છે ત્યારે જીવનવિકાસનો, આત્મોન્નતિનો માર્ગ સરળ બને છે, અને ઇશ્વરના ધામ તરફ જવાનો રસ્તો સ્પષ્ટ દેખાય છે.”

પરંતુ, માનવીનો જીવન વ્યવહાર મહાત્માએ જણાવ્યું તેના કરતાં તદ્દન ઉલ્ટો દેખાય છે. માણસની સન્મુખ સંસાર હોય છે અને પ્રભુ પાછળ રહી જાય છે. સંસારનું વળગણ માણસને જળોની જેમ ચોંટ્યું છે. માનવી વાસનાઓનો એટલે હદ સુધી ગુલામ બન્યો છે કે તે જે કાંઇ ઉપભોગોનો આનંદ માણે છે તે તેના અંદર રહેલી ઇશશક્તિના લીધે છે, તે તેના ધ્યાનમાં નથી આવતું અને વાસનાઓની કદી પૂર્તિ થતી જ નથી તેને પુરી કરવાની ચિંતાઓથી તે ઘેરાઇ જાય છે.

ઇશ્વરને સન્મુખ રાખીને માનવી જયારે સંસાર તરફ જુએ છે ત્યારે તેને સંસાર જુદી જ જાતનો ભાસે છે. કુદરતી રીતે જ ઇશશક્તિના મહાન પ્રકાશની અંદર તેને સંસારનું યથાર્થ સ્વરૂપ દેખાય છે.

મહાપુરૂષો અને સંતોનાં જીવનો આપણાં કરતાં કાંઇ વિશેષ જુદાં હોતાં નથી. પરંતુ તેમનો સમગ્ર જીવનવ્યવહાર હંમેશા પ્રભુને સન્મુખ રાખીને જે થતો હોય છે. તેઓ સંસારને હંમેશા પાછળ રાખે છે.

પ્રભુને સન્મુખ રાખી વ્યવહાર કરવાથી સંતોની જેમ જ આપણને પણ પ્રભુના ગુણો તથા ઐશ્વર્ય બળ પ્રાપ્ત થાય છે. જીવનમાં અભય આપમેળે આવતું જાય છે અને જયારે આવો સહજ સ્વભાવ થઇ જાય ત્યારે ઇશ્વરનું ધામ સ્પષ્ટ દેખાવા લાગે છે!

# લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર દિનેશ દેસાઇએ તેમની સાહિત્યિક સફરનાં ઓજસ પાથરી સર્વેને તેમની આગવી શૈલી અને બોલીમાં ઝબોળીને સર્વેને સાહિત્ય તરબોળ કર્યા અને સર્વેને રોમાંચિત અને આનંદીત કર્યા

સાહિત્ય અવસર સેતુ

છેલ્લા ૧૭ વર્ષોથી સાહિત્યક્ષેત્રે અવિરત રત રહી, માતૃભાષા ગુજરાતીના સાહિત્યને જીવંત અને હરપળ ધબકતું-ધબકતું રાખવા યત્કિંચિત ફાળો આપવા, દર માસના બીજા રવિવારે અચૂક મળતી; ગાંધીનગર સાહિત્ય સભાની બેઠક તા. ૯-૧૧-૨૦૧૪ને રવિવારના રોજ સાંજના રમ્ય વાતાવરણમાં સરકારી જીલ્લા ગ્રંથાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે પ્રમુખ ભરત કવિ ‘ઊર્મિલ’ના અધ્યક્ષસ્થાને સંપન્ન થઇ, જેમાં ‘મારી સર્જનયાત્રા’ અન્વયે જાણીતા કવિ-લેખક અને પત્રકાર દિનેશ દેસાઇનું વક્તવ્ય અને ગાંધીનગર સાહિત્ય સભાનાં સત્ય અને કવયિત્રી સ્વાતિ મહેતાના પ્રથમ કાવ્યસંગ્રહ ‘કાવ્ય, ગીત અને ગઝલનો દરિયો’નું લોકાર્પણ અને વિમોચન જાણીતા કવિ અને સંતપરંપરાના ભેખધારી દલપત પઢિયારના અતિથિ વિશેષપદે પરિપૂર્ણ થયા.

સાહિત્ય સભાના ભાવભીના આમંત્રણને માન આપીને આ સાહિત્ય ગોષ્ઠિમાં પધારેલ કવિ-લેખક-પત્રકાર દિનેશ દેસાઇ, સંતપરંપરાના જાણીતા સર્જક કવિશ્રી દલપત પઢિયાર ત્યાં ખાસ હાજર રહેલ. ‘વિચાર વલોણું’ મેગેઝીનના તંત્રી સુરેશભાઇ પરીખ અને પ્રેમ એકેડમીના સેક્રેટરી અને માહિતીખાતાના સંયુક્ત નિયામક પુલકભાઇ ત્રિવેદીને અધ્યક્ષ ભરતભાઇ કવિએ ઉમળકાથી આવકાર્યા.

સભાની શરૂઆતમાં, શબ્દની આરાધ્ય દેવી મા શારદાની સ્તુતિ મંત્રી મૂળજીભાઇ પરમાર ‘દધિ’ દ્વારા સર્વેના ધબકતા સૂરના સથવારે રજૂ કરવામાં આવી. ત્યારબાદ હાજર સર્વે મહાનુભાવો દ્વારા તેમના કરકમળથી ‘દીપ પ્રાગટ્ય’ કરી, સમારંભમાં પરમ, જળહળતી જયોતિના તેજકિરણો ફેલાવી, શ્રદ્ધા અને આશાનો શુભ સંચાર કર્યો. ભરતભાઇ કવિએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સંસ્થાની કામગીરીનો ચિતાર આપ્યો.

કવયિત્રી સ્વાતિ મહેતાના પિતાશ્રી સૂર્યકાન્ત મહેતા અને તેમનાં કુટુંબીજનો દ્વારા મોંઘેરા મહેમાનોનું પરિમલસભર પુષ્પ બુકેથી સ્વાગત કરી, ગુજરાતની ભવ્ય આતિથ્ય ભાવનાને સાકાર કરવામાં આવી. તથા ઉપપ્રમુખ સુરેશ ભટ્ટ દ્વારા, કવિ ગઝલકાર દિનેશભાઇ દેસાઇનું સુગંધભરપૂર ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું. કવયિત્રી સ્વાતિ મહેતાનો પરિચય ઉપપ્રમુખ નટવર હેડાઉ ‘વનવિહારી’ દ્વારા આપવામાં આવ્યો.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે ડો. સોમભાયઇ પટેલ દ્વારા યોજવામાં આવેલ સ્પર્ધા ‘મેઘાણી વિષે વક્તવ્ય’માં ઉત્તમ દેખાવો કરનાર સ્પર્ધકો (૧) કું. આશા આર. લિંબચિયા અને (૨) શિવાની એમ. પટેલને પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યા.

કવયિત્રી સ્વાતિ મહેતા ‘હેલી’ લિખિત અને ગૂર્જર સાહિત્ય પ્રકાશન દ્વારા પ્રકાશિત ‘કાવ્ય ગીત અને ગઝલનો દરિયો’નું વિમોચન અને લોકાર્પણ વિધિ મોંઘેરા મહેમાનોના શુભહસ્તે કરવામાં આવ્યા. સ્વાતિ મહેતાએ આભાર વ્યક્ત કરી, તેમના કાવ્ય-ગીત અને ગઝલ સંપૂટમાંથી (૧) ઓ કનૈયા મોરા (૨) અમર સ્વપ્નો (૩) મને પણ મન થાય (૪) દરિયો (૫) ગઝલ - ખાલીપો (૬) ગઝલ - રેત (૭) ગોકુળિયું (૮) બે અબૂધ ઘેલા પંખી (૯) તળિયા એનાં કાણા છે વિગેરે રચનાઓ રજૂ કરી તેમની સાહિત્યસફરની ઝાંખી કરાવી જેમાં પ્રેમ, પ્રકૃતિ, આશા અને ઇશ્વર પ્રત્યેની અપાર અને અખૂટ શ્રદ્ધાનાં દર્શન કરાવ્યા. આવો, સંપૂટના થોડાક અંશો માણીએ.

- વહેતા રહેવું, અવિરત પ્રવાહને સાથ
ખાલી હાથે આવી, ખાલી હાથે
સમયના વહેણમાં લઇ વહીશ શબ્દોનું વહાણ
- સજન બનાવો તો ગુઝઝાર પણ બને
સજન બનાવો તો રણ પણ બને
તેમાં કુદરતનો શો દોષ?
સજન ખીલવો તો વસંત પણ ખીલે
સજન ખીલવો તો પાનખર પણ ખીલે
તેમાં ઋતુરાજનો શું દોષ?
- તું ચાતકની જેમ રોજ રોજ આવે...
તો હું સ્વાતિબિંદુ થઇ વરસવા તૈયાર છું
- પ્રકૃતિની ગોદમહીં વરસે ‘હૈલી’

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર ‘દધિ’

ઘેલો દરિયો જોને અફળાય
ઊંચેરો પર્વત પવન થઇ અથડાય!
- ને અમે ફૂલો સળગી રાખ બની વેરાયાં..
દુનિયાના પગનીચે કચડાઇ ધરતીમાં સમાયા
મોતને ભેટી અમે હસ્યા..., ને સ્મિત વેરાઇ ગયાં!
- અસંખ્ય સજ્યાં આંખમાં અમર સ્વપ્નો...
કેટલાંક સ્વપ્નો અમર થઇ ગયાં
સમર્પણમાં એ અસ્ત થઇ ગયાં
કેટલાંક અમર સ્વપ્નો અથડાઇ ગયાં.
હકીકતોના પથ્થર પર ઝાકળ થઇ ગયા.
- સોણલાં સંગે વીતે રાતને દિવસ
આશા ને સંગે સંચરે છે શ્વાસ
ને હૃદયમાં આ કેવો ઉજાસ!
- અમારું હૈયું ચાતકની જેમ વર્ષોથી પ્યાસુ
હવે તો તો તમે સ્વાતિબિંદુ થઇ વરસો
દર્દ તો ઘણુંય દીધું અમને દુનિયાએ
હવે તો તમે વ્હાલની હેલી થઇ વરસો!
- મુજ ઉરમાં દરિયો વહે
એટલે’સ્તો મૂક્યું એમાં શબ્દોનું વહાણ
હું જ ખલાસી... ને શઢ મારું શબ્દો,
આવતી જતી રહે હૈયે ભરતી-ઓટો!
- પહેલાં હેલાં ઉપવન વિકસતું
ને આજે જો ને રણ થઇ ગયું.
‘હેલી’ પાનેતરમાં જોબન વરસતું
એક તાંતણો તૂટતાં કફન થઇ ગયું!
- મેં તો નખશિખ તને ચાહયો હતો
પણ તું જ પાનખર મૂકી ચાલ્યો ગયો હતો
પાનખરની જેમ તું આમ દૂર રહે છે
છતાંય હું વસંતની જેમ ખીલતી રહું છું.

લેખક-પત્રકાર-કવિ અને ગઝલકાર દિનેશ દેસાઇએ તેમની સાહિત્ય સર્જન યાત્રામાં પગ મૂકતાં જણાવ્યું કે તેઓની ઊર્મિઓ હેલે ચડતી અને પ્રયોગાત્મક રીતે લખાતું. તેઓએ સમભાવમાં - કોલમ-કટાર લેખક તરીકે ગુજરાત સમાચારમાં - ચિત્રલેખામાં પત્રકાર તરીકે બનાવ આધારીત સાંપ્રત પ્રવાહોને આલેખ્યાં છે. આંતરરાષ્ટ્રીય મહિલાવર્ષમાં મહિલા સશક્તિકરણ વિશે, એલ.એલ.બી. નહી હોવા છતાં ગ્રાહક સુરક્ષાની કટારનું પુસ્તક પ્રકાશિત કરેલ છે.

જે એલ.એલ.બી.ના અભ્યાસક્રમમાં ચાલે છે. પર્યાવરણ સુરક્ષા વિષે ૪૦૦ લેખોનું પુસ્તક લખ્યું છે જે સાયન્સ ફેકલ્ટીમાં રેફરન્સ બુક તરીકે ચાલે છે. તેમણે બધી જ પ્રકારની કળાઓ વિષે ૫૦ લેખો લખ્યા છે. પત્રકારત્વ અંગેના ૩ પુસ્તકો, ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ, ગુજરાતી ભાષાના નામાંકિત પત્રકારોનાં જીવનચરિત્ર લખેલ છે. આમ તેઓએ સાહિત્યના દરેક ક્ષેત્રમાં ખેડાણ કરેલ છે. તેમણે સાહિત્યક્ષેત્રે વાર્તા-નવલકથા-કાવ્ય-ગઝલમાં પણ ઉમદાપ્રદાન કરેલ છે. આવો તેમણએ રજૂ કરેલ ગઝલ-કાવ્યના અંશો માણીએ.

- ચાલવું જુદું, થાકવું જુદું, બોલવું જુદું.
લાગણી ભરી એવી દુકાન, તોલવું જુદું... આપવું જુદું.
હોઠ પ્રેમની વાતો કરે, ભાળવું જુદું... લાગવું જુદું.
થોર વાવવાથી શું લણી શકો?
વાવવું જુદું, લણવું જુદું!
- કાચાં મકાનો, માણસ સાચા હોય છે.
છળકપટ - આભાસી દુનિયા
ઇમાન વેચી દે, વાતો ઇમાનની,
માણસ! જવા દો, કેવા કેવા હોય છે?
- આગિયાની હલચલ નજીવી હોય છે.
કયાં ભરોસાલાયક મળે છે આદમી?
માણસાઇ અલ્પજીવી હોય છે!
સ્મશાનમાં પણ રોકડાનો વ્યવહાર છે!
પઇથી ઉધારી આદમીની ચાલતી થી.
કાળી કમાણીની અહીં વાતો સફેદ હોય છે.
છે બોલબાલા જૂઠની, ગાંધીય શું કરે?
સતની સવારી આદમીની ચાલતી નથી.
ચોર-લૂંટારાયે શાહુકાર થઇ ગયા
શાહુકારી આદમીની ચાલતી નથી!
- આવોને કયારેક, ‘એવું કહેવું.’
જાઓ ત્યારે ઘરે ન રહેવું!
મારાલાયક કામ હોય તો કહેજો,
છે અનુભવ, કહેવું સહેલું!
- રાત છે, સન્નાટો ફરીને આવશે,
વેર છે તો છળ કરીને આવશે.
જિંદગી વશિયત કરી રહ્યા પછી,
શ્યામ સાધુ લઇને આવશે.
- ટેવ વશ ભૂલો પડું છું આ ગલીમાં
એમને સામો મળું છું આ ગલીમાં
કોઇ પણ રીતે હવે તો છૂટવું છે,
તેમ છતાં, પાછો ફરું છું આ ગલીમાં,
એય સાચું કે નથી સંબંધ માટે,
તોય એને સાંભળું છું આ ગલીમાં,
તાપ વૈશાખી હતો, તે કયાં રહ્યો છે?
સાંજ થઇને આથમું છું આ ગલીમાં.

આમ કવિ અને ગઝલકાર, સાહિત્યકાર, પત્રકાર-કોલમીસ્ટ એટલે કે જે ‘સબ બંદર કે વ્યાપારી’ છે અને જેણે દરેક ક્ષેત્રે ખેડાણ કર્યું છે. તેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર દિનેશ દેસાઇએ તેમની સાહિત્યિક સફરનાં ઓજસ પાથરી સર્વેને તેમની આગવી શૈલી અને બોલીમાં ઝબોળીને સર્વેને સાહિત્ય તરબોળ કર્યા અને સર્વેને રોમાંચિત અને આનંદીત કર્યા. માહિતીખાતાના સંયુક્ત નિયામક પુલકભાઇ ત્રિવેદીએ સાહિત્યનાં સ્વરૂપો સંદર્ભે રસપ્રદ વાર્તાલાપ આપી સર્વેને આકર્ષિત કર્યા.

અતિથિ વિશેષ અને સંતપરંપરાના જાણીતા સર્જક અને નિવૃત્ત માહિતી કમીશ્નર દલપત પઢિયારે સાહિત્ય વિષે જણાવ્યું કે શબ્દ એ દ્રવ્ય - પદાર્થ-કાવ્ય છે. કવિતા સૂક્ષ્મ પદાર્થ છે, પ્રભુ હાથમાં આવે તો કવિતા લાધે! શબ્દની સાત્વિકતા બતાવતાં કહ્યું કે, એક શબ્દ ખાવ છે અને એક શબ્દ મલમ છે. આમ શબ્દને સંવેદના છે - વેદના છે એટલે દરેકે જેવું આવડે તેવું લખતા રહેવું જ જોઇએ. સ્વાતિ મહેતાના પુસ્તક કરતાં શુભેચ્છા પાઠવી અને ‘ગઝલનો દરિયો’ અંગે રાજીપો વ્યક્ત કરતાં શુભેચ્છા પાઠવી અને લખાણના ગુણદોષને જેતાં, લખ્યું છે તે જ અગત્યનું છે તેમ જણાવી સર્વેને લખતાં રહેવા જણાવ્યું કારણ કે લખવાથી જે વેદના - સંવેદના પોતાની છે તે સર્વેની બની જાય છે. આભારવિધિ મંત્રી સંજય થોરાતે કરી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન મૂળજીભાઇ પરમાર ‘દધિ’ એ કર્યું હતું.